## સરકાર આયોજન સરસ કરે છે પણ ખાટલે ખોડ અમલની છે

ગાંધીનગર, તા. ૧૬

લોકડાઉન-૩ નુ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ગણતરીના કલાકોમાં નવા રૂપરંગવાળુ લોકડાઉન-૪ આપણા નશીબમાં છે જ. મુંઝવણ સરકારને પણ છે અને પ્રજાને પણ છે. લોકડાઉન લંબાવે તો પ્રજામાં કકળાટની સંભાવના છે અને લોકડાઉન ખોલી નાખે તો કોરોના વાયરસનો વિસ્ફોટ નક્કી છે. ખતરો બન્ને બાજુ છે. એક તરફ આરોગ્યની ચિંતા છે બીજી તરફ આર્થિક ચિંતા છે. આ બન્ને ચિંતાઓને સમતોલ રાખીને સરકારે હળવુ લોકડાઉન કરવું પડશે અને પ્રજાએ પોતાના આરોગ્યની ચિંતા માટે સતત સાવધાની રાખવી પડશે. આ અઘરૂ છે પણ કડવું સત્ય છે.

**કથા કોરોનાના કકળાટની...**

કોરોના પોઝીટીવ કેસની સંખ્યા રાજાની કુંવરીની જેમ રાતે ન વધે તેટલી દિવસે વધે છે અને દિવસે ન વધે તેટલી રાતે વધે છે. ગુજરાતનો આંક દસ હજારથી ઉપર પહોંચ્યો છે અને દેશ તો ચીનને વટાવીને વિશ્વમાં અગિયારમા સ્થાને પહોંચ્યો છે. તબીબી તજજ્ઞોનું માનીએ તો આગામી ૧૫ દિવસમાં ગુજરાત અને દેશના આંકડા બમણા થઈને રહેશે. કોણ કોની કેવી રીતે સારવાર થશે તે પ્રશ્નો અત્યારથી જ ગુમરાયા કરે છે. હજુ તો હજાર-બે હજાર કે પાંચ-છ હજારના આંકડામાં તંત્ર ધાંધુ થઈ ગયું છે. સરકારી હોસ્પિટલોમાં બેદરકારીના કિસ્સાઓ વધતા જાય છે. દર્દીઓના આંકડા કે સ્થિતિ આડેધડ રજુ થાય છે. સરકારના અલગ અલગ તંત્રો વચ્ચે સંકલનનો તદ્દન અભાવ દેખાઈ આવે છે. ટેસ્ટીંગ અને ડીસ્ચાર્જના નિતી નિયમો વારંવાર બદલાતા ચારેતરફ અસમંજસતા છે. ટેસ્ટીંગનું પ્રમાણ ઘટતાં લક્ષણોવાળા અને લક્ષણો વિનાના પોઝીટીવ દર્દીઓ અટવાઈ રહ્યાં છે. આ બધા જ પ્રશ્નો આજના છે આજે ઘુમરાતા પ્રશ્નો છે. આવતીકાલે દર્દીઓ બમણા થશે ત્યારે શું થશે..? કેવુ થશે..?! તેની કલ્પના હચમચાવે છે. સરકાર આયોજન સરસ કરે છે પણ ખાટલે ખોડ અમલમાં છે. અધિકારીઓ દોડાવાય છે. અલગ-અલગ જવાબદારીઓ સોંપાય છે પરંતુ સંકલનના અભાવે છબરડા વધુ ને વધુ થતા જાય છે. એટલે હવે જરૂર છે સ્પષ્ટ નીતિની... કડક અમલની... અને કર્તવ્ય નિષ્ઠાની. વહિવટીતંત્રમાં પણ ઉભો થઈ રહેલો સ્પર્ધાત્મક ભાવ તાકીદે નાબુદ કરવાની આવશ્યકતા છે. પરસ્પર દ્વેષ અને અદેખાઈથી નુકશાન તો પ્રજાને અને સરકારની છબીને થાય છે.

હવે જ્યારે નિર્ણાયક તબક્કામાં કોરોના સામેનો જંગ આરંભાઈ રહ્યો છે. ત્યારે સમાજે પણ સાવધાની રાખવી જ પડશે. કોઈ કોઈને બચાવી શકે તેમ નથી. ન તો સરકાર કે ન તો સ્વજન..!! દરેકે પોતાને જીવવા માટે પોતે જાગૃત બનવુ પડશે. વારંવાર હાથ ધોવા સેનીટાઈઝરનો ઉપયોગ કરવો - માસ્ક અને હેન્ડ ગ્લોઝ ફરજીયાત પહેરવા એ તો બધુ ખરૂ જ પરંતુ હરવા-ફરવા-મળવા અને જમવામાં ખુબ જ સંયમ પાળવો પડશે. આપણી પીડા અને પ્રસન્નતાની અભિવ્યક્તિના સ્વરૂપો બદલવા પડશે. રહેણીકરણી બદલવી પડશે. વ્યવહાર અને વર્તન બદલવા પડશે. પર્વો અને પ્રસંગોની ઉજવણીના રૂપો બદલવા પડશે. ઘણું બધું છોડવું પડશે અને ઘણું બધું નવું અપનાવવું પડશે. કોરોના યુગ ઘણુ બધુ શીખવતો જશે. સારૂનરસુ તો સમય કહેશે પણ આજે સાક્ષીભાવે એમાંથી પસાર થવું પડશે. સાવધાની રાખીશુ તો સ્વસ્થ રહીશું. સરકાર સમયસર જાગે અને આજે ઘુમરાતા પ્રશ્નોનો સવેળા ઉકેલ લાવેતો જ લોકડાઉનનું તપ ફળશે.

# શહેરમાં વધુ ૩ કેસ : ગ્રામ્યમાં ૩

## સે. ૨૧ માંથી બે અને સે. ૨૭ માંથી એક એસઆરપી જવાનનો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩ કેસ કોરોના પોઝીટીવ નોંધાયા છે. આજે નોંધાયેલા આ ૩ કેસ સાથે શહેરમાં નોંધાયેલ કેસની સંખ્યા ૫૬ થવા જાય છે.

આજે નોંધાયેલા ૩ કેસમાં એક ત્રણ વર્ષનું બાળક, એક એસઆરપી જવાન અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

મનપાના તંત્ર દ્વારા આ દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આજે મળી આવેલા કેસોમાં બે કેસ સે. ૨૧ માંથી મળ્યા છે જ્યારે વધુ એક કેસ સે. ૨૭ માંથી મળ્યો છે.

સે. ૨૧ માં ગઈકાલે મળેલ કેસના પરિવારના બે સભ્યો સંક્રમિત થતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

તંત્ર દ્વારા આ દર્દીઓના સંપર્કમાં આવેલ લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત આજે સે. ૨૭ ખાતે એસઆરપી મેસમાં ફરજ બજાવતા એક જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી અને તેના સંપર્કમાં આવનાર અને અન્ય લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપાના તંત્ર દ્વારા આ અંગેના તમામ જરૂરી પગલાં પણ લેવામાં આવી રહ્યા છે. તંત્રએ સઘન સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી દીધી છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા ૫૬ કેસ પૈકી ૩૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ૨૪ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે જ્યારે સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયું હતું.

**કયા સેક્ટરમાં કેટલા કેસ ?**

| સેક્ટર | કેસ | રિકવર |
|---|---|---|
| સેક્ટર-૨ | ૦૮ | ૦૫ |
| સેક્ટર-૩ | ૦૬ | ૦૫ |
| સેક્ટર-૩ન્યુ | ૦૫ | ૦૨ |
| સેક્ટર-૫ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૭ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૮ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૧૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૩ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૭ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૧ | ૦૩ | ૦૦ |
| સેક્ટર-૨૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૨૩ | ૦૪ | ૦૪ |
| સેક્ટર-૨૪ | ૧૧ | ૦૪ |
| સેક્ટર-૨૭ | ૦૨ | ૦૦ |
| સેક્ટર-૨૯ | ૦૭ | ૦૬ |
| સેક્ટર-૩૦ | ૦૧ | ૦૦ |
| કુલ | ૫૬ | ૩૧ |

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ત્રણ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગઈકાલે માણસા તાલુકાની અમરાપુર ગામની એક મહિલાને પણ કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

**કલોલ અને દહેગામમાં એક-એક પોઝીટીવ કેસ, અમરાપુરની પ્રસુતા મહિલાનો રિપોર્ટ પોઝીટવ**

આજે જે ૩ કેસ નોંધાયા છે તેમાં એક કેસ દહેગામ તાલુકામાં અને એક ગાંધીનગર તાલુકામાં તથા એક કેસ કલોલ અર્બનમાં નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બન-૧માં રેલવે પૂર્વમાં રહેતી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અમદાવાદની ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને તે સ્ટાફ બસમાં અપડાઉન કરતી હતી.

તંત્રએ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત આ મહિલા દર્દીના સંપર્કમાં આવેલ પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી અન્ય સંપર્કની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર તાલુકાના મોટેરા ગામેથી એક ૭૭ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મોટેરા એ અમદાવાદને અડીને આવેલ ગામ છે અને અહિયાં સારો એવો વિકાસ પણ થયો છે.

દહેગામ તાલુકાના જિંડવા ગામેથી પણ એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન પણ અમદાવાદની એક ખાનગી ફાર્મા કંપનીમાં નોકરી કરતો હતો.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ દર્દીના પરિવારના સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડ્યા છે જ્યારે ૮૦ જેટલા સંપર્કમાં આવેલ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મળેલા કોરોના દર્દીઓના સંપર્કમાં આવેલ ૧૮૮૫ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. જિલ્લામાં નોંધાયેલા ૧૦૭ કેસમાં અત્યાર સુધી ૩૯ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જ્યારે ૬ વ્યક્તીના મૃત્યુ થયા છે.



રાત્રિનો ભેંકાર - લોકડાઉનના ૫૬માં દિવસે પણ શહેરમાં સતત ધમધમતા માર્ગો કેવા ભેંકાર લાગી રહ્યા છે... તેની તસવીરી ઝલક... જ્યારે ધમધતા સેક્ટર પણ આજે ભેંકાર ભાંસી રહ્યા છે... ગાંધીનગરના રાજમાર્ગ તરીકે ઓળખાતા ચ-માર્ગની અને સેક્ટરમાં પ્રવેશતા માર્ગની આ તસીવર છે... અને રાત્રે ૧૧ વાગ્યાની જ આ તસવીર છે... જે સામાન્ય સંજોગોમાં દર ૧૦ સેકન્ડે ૧ વાહન પસાર થવાનું પ્રમાણ ધરાવે છે... એ માર્ગ પર ચકલુંય ફરકે નહિ એવો સુમસામ રસ્તો કોરોનાના કહેરની ચાડી ખાય છે... ફરીથી આ માર્ગ ધમધતો ક્યારે જોવા મળશે એ તો સમય જકહી શકશે... પરંતુ એટલું તો ચોક્કસ છે મારું શહેર સુનુસુનુ લાગે છે...

## આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર થશે

**જિલ્લાના ૫૯૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : કોરોનાના સંકટના લીધે વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરી વિલંબમાં પડી હતી છતા પરિણામ ટુંકા ગાળામાં તૈયાર કરી દેવાયુ : સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાહેર કરાશે : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા**

ગાંધીનગર તા ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી માર્ચ ૨૦૨૦ માં ૫૯૮૦ વિદ્યાર્થીઓએ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. કોરોનાના સંકટ વચ્ચે બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરી પણ વિલંબમાં પડી હતી. જયારે આ સંજોગોમાં પરીક્ષાનુ પરિણામ આપવાનુ પણ કસોટીરૂપ બન્યુ હતુ. જો કે કોરોનાની મહામારી વચ્ચે પણ સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના સલામતીના પરિબળો ધ્યાને લઈને શિક્ષણતંત્રએ પરિણામ તૈયાર કરવામાં ખુબ જ મહેનત કરી છે. કોરોનાના કહેર વચ્ચે આજે બોર્ડનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. બોર્ડ દ્વારા આજે સવારે ૮ કલાકે વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાશે. રાજયમાં ગત તા ૫ માર્ચથી ધો - ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા શરૂ થઈ હતી જયારે પરીક્ષાના અંતે જ કોરોનાનુ સંકટ માથે તોળાતા પરિણામ તૈયાર કરવાની કામગીરી પણ ખોરંભે પડી હતી. કોરોનાની મહામારીના લીધે બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીના મુલ્યાંકનની કામગીરી પણ અટવાઈ પડી હતી જયારે લોકડાઉનની સ્થિતિ વચ્ચે પણ સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ જરૂરી સલામતીના પરિબળોને ધ્યાને લઈ પરિણામ તૈયાર કરવા માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેના અંતે શિક્ષણ બોર્ડ દ્વારા રીઝલ્ટ તૈયાર કરી દેવાયુ છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૯૮૦ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી જયારે જિલ્લાની ૨૯ શાળાઓના ૨૯૯ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયારે આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ જાહેર કરાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નાયબ નિયામક જે જી પંડયાના જણાંવ્યા

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગરમાં અમદાવાદવાળી થાય તે પહેલા...**

## શાકભાજી - કરિયાણાના વેપારીઓને હેલ્થકાર્ડ ઈસ્યુ કરવુ અનિવાર્ય

**અમદાવાદની જેમ ફ્રુટ-શાકભાજીની લારીવાળા તેમજ કરિયાણાના વેપારી સુપર સ્પ્રેડર ન બને તે માટે અત્યારથી તકેદારી રાખવી અનિવાર્ય**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના કેસ વધી રહ્યા છે. રોજબરોજ નવા કેસો સામે આવતા ચિંતા પ્રવર્તી છે. શહેર અને જિલ્લામાં કોરોનાને કાબુમાં લેવા માટે છેલ્લા ૫૨ દિવસથી લોકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. નાગરિકો પણ લોકડાઉનના પાલન મુદ્દે સ્વયંશિસ્ત દાખવી રહ્યા છે. જયારે હવે નાગરિકો પણ કોરોનાને ડામવા સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના મુદ્દે જાગૃત બન્યા છે. ત્યારે અમદાવાદની જેમ શાકની લારી, કરિયાણાના વેપારીઓ અને ફેરિયાઓ સુપર સ્પ્રેડર ન બને તે માટે તેમનુ ટેસ્ટીંગ કરીને હેલ્થકાર્ડ આપવાની યોજના અન્વયે કામગીરી હાથ ધરવી જોઈએ તેવી માંગ પણ નાગરિકોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં કોરાનાના નવા કેસો નોંધાયા બાદ નગરજનોએ કડક લોકડાઉનનો અમલ કરતા કોરાના પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. જયારે શરૂઆતના તબક્કે કેસ ધ્યાને આવ્યુ બાદ ટુંકા સમયમાં જ શહેર અને જિલ્લો કોરોનામુક્ત જાહેર કરી દેવાયો હતો. પરંતુ અચાનક જ શહેરમાં કોરોનાના કેસ વધવાનુ શરૂ થતા તંત્ર ફરી હરકતમાં આવ્યુ હતુ. જો કે ગાંધીનગર નજીક સ્થિત અમદાવાદમાં કોરોનાના વધતા કહેર વચ્ચે અમદાવાદથી આવતા મુલાકાતીઓ અલબત્ત અમદાવાદમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓના લીધે પણ ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણનુ પ્રમાણ અચાનક જ વધ્યુ હતુ. આવા સંજોગોમાં કોરોનાનો કહેર વધતા તંત્ર દ્વારા વધુ કડક લોકડાઉનનો અમલ કરવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ શરૂઆતના તબક્કે જ અમદાવાદના મુલાકાતીઓ પર રોક ન લગાવતા શહેર તેમજ જિલ્લામાં દિનપ્રતિદિન કોરોના કેસ વધતા ગયા હતા. જયારે આજે પણ રોજ બરોજ શહેર અને જિલ્લામાં નવા કેસો આવવાનુ ચાલુ છે. ત્યારે હજુ પણ કોરોનાના સંક્રમણને ફેલાતા અટકાવવા માટે કોર્પોરેશન કક્ષાએથી માત્ર લોકડાઉન જ નહી પરંતુ અન્ય પગલા લેવાનુ પણ અનિવાર્ય બન્યુ છે. અમદાવાદ સહીત અન્ય

● અનુસંધાન પાન-૭ પર

## આજથી મે માસના અનાજ વિતરણનો પ્રારંભ કરાશે

**૬૮ લાખ અંત્યોદય એનએફએસએ પરિવારને લાભ : અમદાવાદ શહેર સિવાય બધા જિલ્લા, ગામ અને નગરોમાં એનએફએસએ લાભાર્થીઓને આ અનાજ વિતરણ કરાશે**

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિર્ણય કર્યો છે કે, વિશ્વવ્યાપી કોરોના વાયરસ કોવિડ-૧૯ની સ્થિતીને કારણે પ્રવર્તમાન લોકડાઉનની પરિસ્થિતીમાં રાજયના એનએફએસએ અને અંત્યોદય એવા કુલ ૬૮.૮૦ લાખ ગરીબ પરિવારોને સતત બીજીવાર મે મહિના માટે પણ વિનામૂલ્યે અનાજ વિતરણનો આવતીકાલ તા. ૧૭મી મે રવિવારથી પ્રારંભ કરવામાં આવશે. અમદાવાદ શહેર સિવાય તમામ જિલ્લાઓ ગામડાઓ અને નગરોમાં આ વિતરણ શરૂ થશે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું કે, આ વિતરણ વ્યવસ્થા અમદાવાદ શહેર સિવાય સમગ્ર રાજ્યમાં તા.૧૭થી તા. ૨૬ મે દરમ્યાન ચાલુ રહેશે. આ અનાજ વિતરણ વ્યવસ્થા સુચારૂ ઢબે થઈ શકે તે માટે એનએફએસએ રેશન કાર્ડધારકોના કાર્ડ નંબરના છેલ્લા આંકડા મુજબ વિતરણના દિવસો નિર્ધારીત કરવામાં આવ્યા છે. જેમના રેશનકાર્ડનો છેલ્લો આંક એક હશે એમને આવતીકાલ રવિવારે આ અનાજ વિતરણ કરાશે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અંતર્ગત સમાવિષ્ટ કરાયેલા ૬૬ લાખ કાર્ડધારક પરિવારો અને એવા અંત્યોદય પરિવારો જે એનએફએસએમાં નોંધાયેલા નથી તેવા ૩.૮૦ લાખ એમ ૬૮.૮૦ લાખ પરિવારોની અંદાજે ૩ કરોડ ૩૬ લાખ જનસંખ્યાને આ વિતરણ અન્વયે ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠું નિઃશૂલ્ક અપાશે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા પણ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અન્વયે વધારાના ૩.૫૦ કિલો ઘઉં અને ૧.૫૦ કિલો ચોખા વ્યકિતદિઠ આપવામાં આવનાર છે. એટલે કે આ પરિવારોને કેન્દ્ર અને રાજ્ય સરકારની આ અનાજ વિતરણ વ્યવસ્થાનો લાભ એક સાથે મળશે.

## આલમપુર શાકમાર્કેટ ૧૮મીથી રાબેતા મુજબ શરૂ થશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનના જણાંવ્યા મુજબ આલમપુર શાકમાર્કેટ તા ૧૮ મેંથી રાબેતા મુજબ શરૂ થઈ જશે. તમામ ખેડુતો મિત્રો વેપારીઓ અને ગાંધીનગરના ફેરીવાળા વેપારીઓને તેમણે જણાંવ્યા મુજબ કોરોનાની મહામારીને ધ્યાને લઈને માર્કેટયાર્ડના સંકુલમાં માર્કેટ કમિટીની સુચનાઓ મુજબ મહામારીના ફેલાવાને અટકાવવા સરકારની ગાઈડલાઈનનો પણ કડક અમલ કરવામાં આવશે. જયારે ખેડુતો સહીત છુટક વેપારીઓ અને ફેરિયાઓએ પણ તેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com